**RAD-001-001628** Seat No. ______

**B. A. (Sem. VI) (CBCS) Examination**

**March - 2019**

**Gujarati : Paper XXII**

**વ્યાકરણ સર્જન - લેખન કૌશલ-૬**

***(Core - Optional)***

***(Old Course)***

**Faculty Code : 001**
**Subject Code : 001628**

Time : $2\frac{1}{2}$ Hours] [Total Marks : **70**

**સૂચના :** (૧) પાંચ પ્રશ્નો આપેલ છે.
(૨) દરેક પ્રશ્નના ગુણ સરખા છે.

૧ નીચેના કાવ્યનો આસ્વાદ કરો : ૧૪

**"કન્યા વિદાય"**

સમી સાંજનો ઢોલ ઢબૂકતો જાન ઉઘલતી મ્હાલે.
કેસરિયાળો સાફો ઘરનું ફળિયું લઈને ચાલે.
પાદર બેસી ફફડી ઉઠતી ઘરચોળાની ભાત
ડૂસકે ડૂસકે હડસેલાતી બાળપણાની વાત.
પૈડુ સીંચતા રસ્તો આખો કોલાહલમાં ખૂંપે
શૈશવની ચીતરેલી શેરી સૂનકાર ડૂબે.
જાન વળાવી પાછો વળતો દીવડો થરથર કંપે
ખડકી પાસે ઉભો રહીને અજવાળાને ઝંખે.
સમી સાંજનો ઢોલ ઢબૂકતો જાન ઉઘલતી મ્હાલે
કેસરિયાળો સાફો ઘરનું ફળિયું લઈને ચાલે.....

**- અનિલ જોશી**

**અથવા**

''હંકારી જા''

મારી બંસીમાં બોલે બે વગાડી તુ જા,
મારી વીણાની વાણી જગાડી તું જા.
ઝંઝાના ઝાંઝરને પહેરી પધાર પિયા,
કાનના કમાડ મારા ઢંઢોળી જા.
પોઢેલી પાપણના પડદા ઉઘાડી જરા,
સોનેરી સોણલું બતાડી તુ જા. મારી.....
સૂની સરિતાને તીર પહેરી પીતાંબરી,
દિલનો દડૂલો રમાડી તુ જા.
ભૂખી શબરીના બોર બે એક આરોગી,
જનમ ભૂખીને જમાડી તુ જા. મારી....
ઘાટે બંધાણી મારી હોડી વછોડી જા,
સાગરની સેરે ઉતારી તું જા.
મનના માલિક તારી મોજના હલેસે,
ફાવે ત્યાં એને હંકારી તુ જા. મારી....

- **સુંદરમ્**

૨ મધ્યકાલીન સાહિત્ય સંશોધન - સંપાદનમાં સંશોધકને મૂંઝવતા પ્રશ્નોની ચર્ચા કરો. ૧૪

**અથવા**

૨ મધ્યકાલીન સાહિત્યના સંશોધક - સંપાદકમાં કયા ગુણો જરૂરી છે ? ચર્ચા કરો. ૧૪

૩ કોઈ પણ બેમાંથી એક ટૂંકનોંધ લખો : ૧૪

(૧) વ્યંજન સંધિ એટલે શું ? તે જણાવી, વ્યંજન સંધિના ચાર દૃષ્ટાંતો આપો.

(૨) જોડણી ભેદે થતા અર્થભેદ થાય છે, આ બાબતે જુદાં જુદાં આઠ દૃષ્ટાંત આપી સમજાવો.

૪ ''સાહિત્યનું સત્ય અને જીવન વ્યવહારના સત્ય'' પર સર્જનાત્મક લેખન કરો. ૧૪

**અથવા**

૪ તમારી કોલેજમાં ઉજવાયેલા વાર્ષિક દિવસ પર સર્જનાત્મક લેખન કરો. ૧૪

૫ નીચેનામાંથી કોઈ પણ બેના જવાબ આપો : ૧૪

(૧) સ્વરસંધિ સમજાવી પાંચ ઉદાહરણ આપો.

(૨) તમારા ગામની લાયબ્રેરીની મુલાકાત

(૩) પ્રસંગાલેખન એટલે શું ? એ માટેની જરૂરી સૂચનાઓ.

(૪) ''અહિંસા'' - પર સર્જનાત્મક લેખન કરો.